| | | ૧ | આકરૂન્દ |
| ૨ | અંબાસર | ૧ | અંબાસર |
| | | ૨ | કીડી |
| | | ૩ | કાશીપુરા |
| | | ૪ | જાલમપુરા(કીડી) |
| | | ૫ | લાલપુર |
| ૩ | બારનોલી | ૧ | બારનોલી |
| | | ૨ | વાંટડાસુકા |
| ૪ | બીલવણીયા | ૧ | બીલવણીયા |
| | | ૨ | કરણપુર |
| | | ૩ | શરડીસરખંડી |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | કેશરપુરા (બીઈવણીયા) |
| | | ૫ | ધામણીયા |
| | | ૬ | ભોટુદેવનોમઠ |
| | | ૭ | ગઢડાકોટ |
| ૫ | બુટાલ | ૧ | બુટાલ |
| | | ૨ | પાંચકુહાડા |
| ૬ | ધનસુરા-૧ | ૧ | ધનસુરા-૧ |
| ૭ | ધનસુરા-૨ | ૨ | ધનસુરા-૨ |
| ૮ | જામઠા | ૧ | જામઠા |
| | | ૨ | કનાલ |
| | | ૩ | કંજોડીયા |
| | | ૪ | બોરવાઇ |
| | | ૫ | દોલપુર |
| ૯ | ખડોલ | ૧ | ખડોલ |
| | | ૨ | જશવંતપુરા |
| | | ૩ | છેવાડીયા |
| | | ૪ | ચોગામડા |
| | | ૫ | સેગીયાનીરાયણ |
| | | ૬ | ગોપાલપુરા |
| | | ૭ | મોતીપુરા |
| ૧૦ | ખીલોડીયા | ૧ | ખીલોડીયા |
| | | ૨ | અલવા |
| | | ૩ | લાલીનોમઠ |
| | | ૪ | નવલપુર |
| | | ૫ | વખતપુરા |
| | | ૬ | રામપુર (વડા) |
| ૧૧ | નાણા | ૧ | નાણા |
| | | ૨ | હરીપુરાકંપા |
| | | ૩ | ગલાલનીમુવાડી |
| | | ૪ | ખાનપુરનીમુવાડી |
| | | ૫ | જાલમપુર (નાણા) |
| | | ૬ | કેશરપુરા |
| | | ૭ | ઉદેપુર |
| | | ૮ | પાટયો |
| | | ૯ | અમરપુરા |
| | | ૧૦ | રામપુરા |
| | | ૧૧ | લાલુગામ |
| | | ૧૨ | રામપુરાકંપા |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૨ | રાજપુર(વડા) | ૧ | રાજપુર(વડા) |
| | | ૨ | મોટીવાવ |
| | | ૩ | નાનીવાવ |
| | | ૪ | જીતપુર(વડા) |
| | | ૫ | હીરાપુર |
| ૧૩ | રમાણા | ૧ | રમાણા |
| | | ૨ | રૂપણ |
| | | ૩ | મલેકપુર |
| | | ૪ | કોલવડા |
| ૧૪ | રમોસ | ૧ | રમોસ |
| | | ૨ | આમોદરા |
| | | ૩ | જશવંતપુરા (આમો) |
| ૧૫ | શીકા | ૧ | શીકા |
| | | ૨ | અંતીસરા |
| | | ૩ | રહીયોલ |
| ૧૬ | શિણોલ | ૧ | શિણોલ |
| | | ૨ | ભેંસાવાડા |
| ૧૭ | સીમલી | ૧ | સીમલી |
| | | ૨ | કામલી |
| | | ૩ | કરોલી |
| | | ૪ | ખેડા |
| | | ૫ | હીરાપુરકંપા |
| | | ૬ | પોયટા |
| ૧૮ | વડાગામ | ૧ | વડાગામ |

**તાલુકા પંચાયતનું નામ - મેઘરજ**

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧ | બાંઠીવાડા | અ.નં. | ગામ |
| | | ૧ | બાંઠીવાડા |
| | | ૨ | લાલાકુપા |
| | | ૩ | જેમાના |
| | | ૪ | કરણપુર |
| ૨ | બેલ્યો | ૧ | લાલોડીયા |
| | | ૨ | નેસડા |
| | | ૩ | બરકાદાંતી |
| | | ૪ | ડુંગરાગોડ |
| | | ૫ | બેલ્યો |
| ૩ | ભેમાપુર | ૧ | ભેમાપુર |
| | | ૨ | પાલ્લા (ભે) |
| | | ૩ | ધનીવાડા |
| | | ૪ | ભુવાલ |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૪ | ભુતીયા | ૧ | રામગઢી |
| | | ૨ | સુરદેવી |
| | | ૩ | હીરાટીંબા |
| | | ૪ | રાજપુર |
| | | ૫ | ભુતીયા |
| | | ૬ | ઈપલોડા |
| | | ૭ | પીસાલ |
| | | ૮ | કંભરોડા |
| | | ૯ | સીસોદરા (મે) |
| ૫ | ડામોરઢુંઢા | ૧ | પટેલઢુંઢા |
| | | ૨ | ડામોરઢુંઢા |
| | | ૩ | ખેરાઇ |
| | | ૪ | સેદર્યો |
| | | ૫ | લીંબોદરા |
| | | ૬ | સતીપુર |
| | | ૭ | ઉન્ડવા |
| | | ૮ | રોયણીયા |
| | | ૯ | આઢોડીયા |
| | | ૧૦ | વસાઇ |
| ૬ | ગેડ | ૧ | ગેડ |
| | | ૨ | બી.ટી.છાપરા |
| | | ૩ | ઈટવા |
| | | ૪ | છીટાદરા |
| | | ૫ | જાલમપુર |
| | | ૬ | ઢુંઢેરા |
| ૭ | ઈસરી | ૧ | ઈસરી |
| | | ૨ | પટેલછાપરા |
| | | ૩ | મોટામઠ |
| | | ૪ | કંટાળું |
| | | ૫ | વાંકાટીંબા |
| | | ૬ | રાજપુર(ઇ) |
| | | ૭ | નવાગામ(ઇ) |
| | | ૮ | રખાપુર |
| ૮ | જામગઢ | ૧ | નવાગામ(ક) |
| | | ૨ | કદવાડી |
| | | ૩ | જામગઢ |
| | | ૪ | ગોપાવાડા |
| ૯ | કાલીયાકુવા | ૧ | ડચકા |
| | | ૨ | સારંગપુર |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૩ | તુંબલીયા |
| | | ૪ | કાલીયાકુવા |
| | | ૫ | રાયાવાડા |
| | | ૬ | લાખાપુર |
| ૧૦ | કુણોલ | ૧ | કુણોલ |
| | | ૨ | ધાંધીયા |
| ૧૧ | લીંબોદરા | ૧ | લીંબોદરા |
| | | ૨ | કૃષ્ણાપુર |
| | | ૩ | મુડશી |
| | | ૪ | ભુંજરી |
| | | ૫ | વાધોરા |
| ૧૨ | મેધરજ -૧ | ૧ | મેધરજ -૧ |
| | | ૨ | પહાડીયા (મે) |
| | | ૩ | રેલ્યો |
| ૧૩ | મેધરજ-૨ | ૧ | મેધરજ-૨ |
| | | ૨ | વાસણા |
| | | ૩ | ખાડીવાવ |
| | | ૪ | પૃથવીપુરા |
| | | ૫ | જશવંતપુરા |
| ૧૪ | મોટીમોરી | ૧ | વાધપુર |
| | | ૨ | મોટીમોરી |
| | | ૩ | પાલ્લા(ક) |
| | | ૪ | કદવાડા |
| | | ૫ | વૈડી |
| | | ૬ | ગોધાવાડા |
| | | ૭ | કસાણા |
| | | ૮ | ઓઢા(ક) |
| | | ૯ | લખીપુર |
| | | ૧૦ | ઉકરડી |
| ૧૫ | મોટીપંડુલી | ૧ | મોટીપંડુલી |
| | | ૨ | નાનીપંડુલી |
| | | ૩ | છીકારી |
| | | ૪ | માનડા |
| | | ૫ | ઢેકવા |
| | | ૬ | ફુટા |
| ૧૬ | પંચાલ | ૧ | પંચાલ |
| | | ૨ | વડથલી |
| | | ૩ | ગોઢા |
| | | ૪ | પહાડીયા(પં) |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૭ | પાણીબાર | ૧ | પાણીબાર |
| | | ૨ | નારણપુર |
| | | ૩ | અંતોલી |
| | | ૪ | પુજાપુર |
| | | ૫ | તરકવાડા |
| | | ૬ | ખાખરીયા |
| ૧૮ | રેલ્લાવાડા | ૧ | ધોરવાડા |
| | | ૨ | ધરોલા |
| | | ૩ | ઓઢા(પા.) |
| | | ૪ | ઝેરીયાવાડા |
| | | ૫ | રેલ્લાવાડા |
| ૧૯ | શણગાલ | ૧ | મહુડી |
| | | ૨ | કોલુન્દ્રા |
| | | ૩ | શણગાલ |
| ૨૦ | સીસોદરા(અ) | ૧ | મોટીમોયડી |
| | | ૨ | નાનીમોયડી |
| | | ૩ | ઢેમડા |
| | | ૪ | સીસોદરા(અ) |
| | | ૫ | અદાપુર |
| | | ૬ | લીંભોઇ |
| | | ૭ | જીતપુર |
| | | ૮ | જીવણપુર |
| | | ૯ | ખોખરીયા |
| | | ૧૦ | મુન્શીવાડા |
| ૨૧ | વૈયા | ૧ | વલુણા |
| | | ૨ | તરકવાડીયા |
| | | ૩ | રાંજેડી |
| | | ૪ | વાણીયાવાડા |
| | | ૫ | ભાટકોટા |
| | | ૬ | ગોકચુવાણ |
| | | ૭ | બેડઝ |
| | | ૮ | વૈયા |
| | | ૯ | કુંભેરા |
| ૨૨ | ઝરડા | ૧ | ઝરડા |
| | | ૨ | ગાયવાછડા |
| | | ૩ | લાલપુર |
| | | ૪ | વાંક |
| | | ૫ | બ્રા.કોટડા |
| | | ૬ | રોલા |

**તાલુકા પંચાયતનું નામ - માલપુર**

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | અ.નં. | ગામ |
| ૧ | અણીયોર | ૧ | અણીયોર |
| | | ૨ | માંલ્લી |
| | | ૩ | પરપોટીયા |
| | | ૪ | કોઠી |
| | | ૫ | ડામોરનામુવાણ |
| ૨ | બામણી | ૧ | બામણી |
| | | ૨ | લાલપુર |
| | | ૩ | ડબારણ |
| | | ૪ | આંકલીયા |
| | | ૫ | આંબલીયા |
| | | ૬ | ચોરીવાડ |
| | | ૭ | સરખામુવાડી |
| | | ૮ | પુજારાનીમુવાડી |
| ૩ | ગોવિંદપુર | ૧ | ગોવિંદપુર |
| | | ૨ | સોનારીયા |
| | | ૩ | મંગળપુર |
| | | ૪ | દેવદાંતી |
| | | ૫ | પનાવડા |
| | | ૬ | રૂધનાથપુર |
| | | ૭ | હરઈનાપહાડીયા |
| | | ૮ | અંબાવા |
| | | ૯ | લોઈનાઈપહાડીયા |
| | | ૧૦ | સાઈનાઈપહાડીયા |
| ૪ | હેલોદર | ૧ | હેલોદર |
| | | ૨ | કાટકુવા |
| | | ૩ | કીડીયાદ |
| ૫ | ખલીકપુર | ૧ | ખલીકપુર |
| | | ૨ | વાડીનાથના મુવાડા |
| | | ૩ | કોઠીયા |
| | | ૪ | વાંકાનેડા |
| | | ૫ | સુવરચાર |
| | | ૬ | વિરણીયા |
| ૬ | માલપુર | ૧ | માલપુર |
| ૭ | નાનાવાડા | ૧ | રીંછવાડ |
| | | ૨ | નવાતખતપુર |
| | | ૩ | નાનાવાડા |
| | | ૪ | હમીરપુર |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૫ | ચુફરી |
| | | ૬ | મેડીટીંબા |
| | | ૭ | માલજીના પહાડીયા |
| | | ૮ | સોમપુર |
| | | ૯ | સોનીકપુર |
| | | ૧૦ | માનવાવ |
| | | ૧૧ | ફગોડીયા |
| | | ૧૨ | ગોપાલપુર |
| ૮ | નાથાવાસ | ૧ | નાથાવાસ |
| | | ૨ | વેલણીયા |
| | | ૩ | ધોલેશ્વર |
| | | ૪ | રામપુર |
| ૯ | નવા | ૧ | નવા |
| | | ૨ | જીતપુર |
| | | ૩ | ધી.ખા.ની મુવાડી |
| | | ૪ | ગલીયાદાંતી |
| | | ૫ | મસાદરા |
| | | ૬ | અંધારીવાડી |
| | | ૭ | ગોરીયા |
| ૧૦ | પરસોડા | ૧ | પરસોડા |
| | | ૨ | જાલમપુર |
| | | ૩ | ડોડીયા |
| | | ૪ | મેવડા |
| | | ૫ | ગોઢ |
| ૧૧ | પીપરાણા | ૧ | પીપરાણા |
| | | ૨ | નવાગામ |
| | | ૩ | કાસવાડા |
| | | ૪ | વાવડીબારા |
| | | ૫ | કાનેરા |
| | | ૬ | ગાજણ |
| | | ૭ | ઓઢા |
| | | ૮ | અગાટીયા |
| | | ૯ | ભુકાકુતરી |
| ૧૨ | રંભોડા | ૧ | રંભોડા |
| | | ૨ | બોરડીયા |
| | | ૩ | ખેતાવાડા |
| | | ૪ | મગોડા |
| | | ૫ | બુટીયા |
| | | ૬ | કાંસારેલ |
| | | ૭ | ભુતા |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૩ | સખવાણીયા | ૧ | સખવાણીયા |
| | | ૨ | કવેરીયા |
| | | ૩ | હાઈખાઈનામુવાડા |
| | | ૪ | ભેમપોડા |
| | | ૫ | પટેલીયાના મુવાડા |
| | | ૬ | જા.ખા. ના મુવાડા |
| ૧૪ | સાતરડા | ૧ | સાતરડા |
| | | ૨ | રાસાપુર |
| | | ૩ | ટીસ્કી |
| | | ૪ | મઠવાસ |
| | | ૫ | જેસવાડી |
| | | ૬ | સુરજપુર |
| ૧૫ | ઉભરાણ | ૧ | ઉભરાણ |
| | | ૨ | ટુણાદર |
| ૧૬ | વાવડી | ૧ | વાવડી |
| | | ૨ | લાલજીના પહાડીયા |
| | | ૩ | સુરાના પહાડીયા |
| | | ૪ | મહીયાપુર |
| | | ૫ | ભેમપુર |
| | | ૬ | ત્રિકમપુર |
| | | ૭ | જેસીંગપુર |
| | | ૮ | જુનાતખતપુર |
| | | ૯ | કોયલીયા |

**તાલુકા પંચાયતનું નામ - મોડાસા**

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | અમલાઇ | અ.નં. | ગામ |
| ૧ | | ૧ | અમલાઇ |
| | | ૨ | ફરેડી |
| | | ૩ | માથાસુલીયા |
| | | ૪ | અણદાપુર |
| ૨ | બામણવાડ | ૧ | બામણવાડ |
| | | ૨ | બોલુંદરા |
| | | ૩ | નાંદીસણ |
| | | ૪ | જીવણપુર |
| | | ૫ | ઉમેદપુર (બોલુંદરા) |
| | | ૬ | ભાટકોટા |
| ૩ | દધાલીયા | ૧ | દધાલીયા |
| | | ૨ | ઉમેદપુર (દધાલીયા) |
| | | ૩ | મોતીપુરા |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | હઠીપુરા |
| | | ૫ | જંબુસર |
| | | ૬ | મઠ |
| ૪ | દાવલી | ૧ | દાવલી |
| | | ૨ | વાંટડા(બોલુંદરા) |
| | | ૩ | ગઢડા |
| | | ૪ | વાંટા |
| | | ૫ | રામપુર(ગઢડા) |
| ૫ | ગઢા | ૧ | ગઢા |
| | | ૨ | વાંટડા(કાબોલા) |
| | | ૩ | બોડી |
| | | ૪ | જામાના છાપરા |
| | | ૫ | ધોલીયા |
| | | ૬ | પલીયાપુર |
| | | ૭ | મડાસણા |
| | | ૮ | લચ્છાઇ |
| ૬ | ગાજણ | ૧ | ગાજણ |
| | | ૨ | ચારણવાડા |
| | | ૩ | વાઘોડીયા |
| | | ૪ | જીતપુર(મહા.) |
| ૭ | ઈટાડી | ૧ | ઈટાડી |
| | | ૨ | ઢાંખરોલ |
| | | ૩ | જુના વડવાસા |
| | | ૪ | નવા વડવાસા |
| | | ૫ | ગલસુંદરા |
| | | ૬ | બાયલ |
| | | ૭ | કીશોરપુરા |
| ૮ | કઉ | ૧ | કઉ |
| | | ૨ | બોરડી |
| | | ૩ | ભેરૂંડા |
| ૯ | ખડોદા | ૧ | ખડોદા |
| | | ૨ | કોલીખડ |
| | | ૩ | ગારૂડી |
| | | ૪ | સીતપુર |
| | | ૫ | પહાડપુર |
| | | ૬ | આલમપુર |
| | | ૭ | ધુનાવાડા |
| ૧૦ | લીંભોઇ | ૧ | લીંભોઇ |
| | | ૨ | મોટી ચીંચણો |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૩ | રસુલપુર |
| | | ૪ | નાની ચીંચણો |
| ૧૧ | મેઢાસણ | ૧ | મેઢાસણ |
| | | ૨ | ખંભીસર |
| | | ૩ | ટીંટીસર |
| | | ૪ | સજાપુર |
| | | ૫ | સાલમપુર |
| ૧૨ | મુલોજ | ૧ | મુલોજ |
| | | ૨ | વણીયાદ |
| | | ૩ | મોદરસુંબા |
| | | ૪ | ધોલવાણી |
| ૧૩ | રાજલી | ૧ | રાજલી |
| | | ૨ | વરથું |
| | | ૩ | સુરપુર |
| | | ૪ | માધુપુર |
| | | ૫ | મોટી ઈસરોલ |
| | | ૬ | નાની ઈસરોલ |
| ૧૪ | રખીયાલ | ૧ | રખીયાલ |
| | | ૨ | મહાદેવગ્રામ |
| | | ૩ | ખુમાપુર |
| | | ૪ | ગોખરવા |
| | | ૫ | ભચડીયા |
| | | ૬ | માલવણ (કેશાપુર) |
| ૧૫ | સાકરીયા | ૧ | સાકરીયા |
| | | ૨ | ઝાલોદર |
| | | ૩ | ડુગરવાડા |
| ૧૬ | સરડોઇ | ૧ | સરડોઇ |
| | | ૨ | શામપુર |
| | | ૩ | લાલપુર (સરડોઇ) |
| | | ૪ | પાદર |
| ૧૭ | સાયરા | ૧ | સાયરા |
| | | ૨ | હફસાબાદ |
| | | ૩ | કોકાપુર |
| | | ૪ | વોલ્વા |
| | | ૫ | દરિયાપુર |
| | | ૬ | મોરા |
| | | ૭ | મુન્શીવાડા |
| ૧૮ | શીણાવાડ | ૧ | શીણાવાડ |
| | | ૨ | બડોદરા |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૩ | દોલપુર (શીણાવાડ) |
| | | ૪ | સરૂરપુર |
| | | ૫ | રામપુર (શીણાવાડ) |
| | | ૬ | વલ્લાવાંટા |
| ૧૯ | ટીંટોઇ-૧ | ૧ | ટીંટોઇ-૧ |
| | | ૨ | ફુટા |
| ૨૦ | ટીંટોઇ-૨ | ૧ | ટીંટોઇ-૨ |
| | | ૨ | કુડોલ |
| | | ૩ | જીતપુર (દધાલીયા) |
| | | ૪ | ભીલકુવા |

**તાલુકા પંચાયતનું નામ -શામળાજી**

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | અ.નં. | ગામ |
| ૧ | દહેગામડા | ૧ | દહેગામડા |
| | | ૨ | લુસડીયા |
| ૨ | કુંડોલ (દહે) | ૧ | કુંડોલ (દહે) |
| | | ૨ | કાગડામહુડા |
| | | ૩ | સરકીલીમડી |
| | | ૪ | નાના કંથારીયા |
| | | ૫ | લક્ષ્મણપુરા |
| ૩ | કુશ્કી | ૧ | કુશ્કી |
| | | ૨ | અઢેરા |
| | | ૩ | છાપરા (કુશ્કી) |
| | | ૪ | ગોઢકુશ્કી |
| ૪ | મોટા કંથારીયા - ૧ | ૧ | મોટા કંથારીયા વોર્ડ નં. ૧ થી ૭ |
| | | ૨ | રામેરા |
| | | ૩ | રાવતાવાડા |
| ૫ | મોટા કંથારીયા - ૨ | ૧ | ગલીસેમરો |
| | | ૨ | વાંકાટીંબા |
| | | ૩ | મોટા કંથારીયા વોર્ડ નં. ૮ થી ૧૦ |
| ૬ | વાધપુર | ૧ | વાધપુર |
| | | ૨ | દેવનીમોરી |
| | | ૩ | સાબરણ |
| | | ૪ | પા દરડી |
| | | ૫ | હિંમતપુર |
| | | ૬ | રામપુર (મોરી) |
| ૭ | ધંબોલીયા | ૧ | ધંબોલીયા |
| | | ૨ | રૂદ્રાલ |
| | | ૩ | શામળપુર |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| | | ૪ | ભવાનપુર |
| | | ૫ | ગઢીયા |
| ૮ | ખેરાડી | ૧ | ખેરાડી |
| | | ૨ | હરદાસપુર |
| | | ૩ | ખીલોડા |
| ૯ | નાપડા (ખા.) | ૧ | નાપડા (ખા.) |
| | | ૨ | નાપડા (જા.) |
| | | ૩ | સોડપુર |
| | | ૪ | મેરાવાડા |
| | | ૫ | ખારી |
| ૧૦ | સુનોખ | ૧ | સુનોખ |
| | | ૨ | વાધોદર |
| | | ૩ | જાલીયા |
| | | ૪ | શોભાયડા |
| | | ૫ | વાંસેરા |
| | | ૬ | ગડાદર |
| ૧૧ | વાંદીયોલ | ૧ | વાંદીયોલ |
| | | ૨ | ખોડંબા |
| | | ૩ | બ્રહમપુરી |
| | | ૪ | લાલપુર |
| | | ૫ | વજાપુર ખેરંચા |
| | | ૬ | અસાલ |
| | | ૭ | ખેરંચા |
| ૧૨ | અણસોલ | ૧ | અણસોલ |
| | | ૨ | રંગપુર |
| | | ૩ | ઓઢા પહાડીયા |
| | | ૪ | કડવઠ |
| | | ૫ | મોટા સામેરા |
| | | ૬ | નાના સામેરા |
| | | ૭ | પહાડીયા |
| ૧૩ | ધંધાસણ | ૧ | ધંધાસણ |
| | | ૨ | પાલ્લા |
| | | ૩ | ધુલેટા (પા) વોર્ડ નં.૧૨ |
| ૧૪ | જાબ ચિતરીયા | ૧ | જાબ ચિતરીયા |
| | | ૨ | પાંચમહુડી |
| | | ૩ | જાબુંડી |
| | | ૪ | સોનાસણ |
| | | ૫ | વસાયા |

| અ.નં | તાલુકા પંચાયત મતદાર મંડળનું નામ | તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામનું નામ | |
|---|---|---|---|
| ૧૫ | નવા વેણપુર | ૧ | નવા વેણપુર |
| | | ૨ | કારછા |
| | | ૩ | રૂદરડી |
| | | ૪ | શામળાજી |
| | | ૫ | બેચરપુરા |
| | | ૬ | દોલતપુર |
| | | ૭ | વેણપુર |
| | | ૮ | વકતાપુર |
| ૧૬ | ઓડ | ૧ | ઓડ |
| | | ૨ | બોરનાળા |
| | | ૩ | ધુલેટા (પા) વોર્ડ નં.૧૦,૧૧ |

**આર. જી. ગોહિલ,**

સચિવ

---

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૨૦૨૬

**અરવલ્લી જિલ્લાની ભિલોડા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળ (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત ની રચના અંગેનો સુધારા પ્રાથમિક આદેશ**

**ક્રમાંક: રાચઆ-સમક-યુનિટ-૧૦-ભિલોડા-તા.પં.-૨૦૨૬.**

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, અરવલ્લી તરફથી રજૂ થયેલ દરખાસ્તના આધારે રાજ્ય ચૂંટણી આયોગે તા. ૨૬-૦૨-૨૦૨૬ના રોજ ભિલોડા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-યુનિટ-૧૦-ભિલોડા-તા. પં-૨૦૨૬ પ્રસિદ્ધ કરેલ. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૬ (૩)ની જોગવાઈ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, અરવલ્લીએ તેમના તા.૦૨-૦૩-૨૦૨૬ના પત્રથી અરવલ્લી તાલુકા પંચાયત સીમાંકન અને બેઠક ફાળવણી અંગેની સુધારા દરખાસ્ત રજૂ કરેલ છે. આથી, રાજ્ય ચૂંટણી આયોગનો તા. ૨૬-૦૨-૨૦૨૬નો ભિલોડા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગેનો પ્રાથમિક આદેશ રદ કરી, નીચેની વિગતે નવેસરથી અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા પંચાયતની ચૂંટણી માટે મતદાર મંડળોની રચના (અનામત બેઠકોની વારાફરતી ફાળવણી સહિત) અંગનો પ્રાથમિક આદેશ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)ની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ ૧૦(૫) અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકાર રાજ્ય સરકારને છે. રાજ્ય સરકારના જાહેરનામા ક્રમાંક: કેપી-૧૯૧- ૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪-૧૨૪૬-જ, તા.૨૬-૦૭-૧૯૯૪ તથા જાહેરનામા ક્રમાંક: કેપી-૨૩૦-૧૯૯૪-ડીઈએલ-૧૦૯૪ -૧૯૬૮-જ, તા.૨૫-૧૦-૧૯૯૪ અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવાના અધિકારો વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપરત થયા છે. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કુલ બેઠકો પૈકી ૨૭ ટકા બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વિકાસ કમિશનરશ્રીએ તેમના જાહેરનામા ક્રમાંક: KPV-15-DC-ELC-L-4-DP-4-2026, તા.૨૨-૦૧-૨૦૨૬ (જેનો હવે પછી ''જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે) અન્વયે ભિલોડા તાલુકા પંચાયત માટે નીચે મુજબ બેઠકો નક્કી કરેલ છે.

| જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કુલ બેઠકો | નક્કી કરેલ બેઠકોની વિગત | | | | | | સામાન્ય સ્ત્રી | બિન અનામત સામાન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | | | |
| | | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | |
| અરવલ્લી | ભિલોડા | ૨૦ | ૦ | ૧ | ૬ | ૬ | ૧ | ૧ | ૩ | ૨ |

૩. વિકાસ કમિશનરશ્રી તાલુકા પંચાયત માટે કલમ-૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નક્કી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળોમાં વહેંચવામાં આવશે તેમજ રાજ્ય ચૂંટણી આયોગ આ પ્રક્રિયા કઈ રીતે કરશે તે અંગે અધિનિયમની કલમ-૧૬(૨) તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં જોગવાઈ કરવામાં આવી છે. જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસતી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડનો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

૪. વિકાસ કમિશનરશ્રીએ નક્કી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસતી એકસરખી રહે તે રીતે રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૧) અને (૨) અને પેટા-ખંડ (ખ) અને (ગ) મુજબ રાજ્ય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજ્ય ચૂંટણી આયોગે નિહિત થયેલ રીતે કરવાની રહે છે.

અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ-૧૦(૫) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગને વૈધાનિક રીતે મળેલા છે. રાજ્ય સરકારે ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''નિયમો'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) આ હેતુ ઘડેલ છે.

અધિનિયમની કલમ-૧૬(૨) અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ-૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે:

૧) દરેક મતદાર મંડળને રાજ્ય ચૂંટણી આયોગે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસતી સૌથી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતાં વધુ મતદાર મંડળો રચવામાં આવ્યાં હોય તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસાર મતદાર વિભાગ ક્રમાંક શરૂ કરવાના રહે છે અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આપ્યા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારુ ઉદાહરણ આપવું યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૬ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાનાં થતાં હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નં.૧ થી પનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૧૦ થી ૧૫નો સમાવેશ છે. તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે સૌથી નીચેના ક્રમાંક મુજબના લખતર ગામના વોર્ડ નં. ૧ થી ૫ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર-૧, લખતર ગામના વોર્ડ નં. ૬ થી ૯ ના મતદાર મંડળને લખતર-૨ અને વોર્ડ નં. ૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર-૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૫. આ રીતે નામો અપાયા પછી રાજ્ય ચૂંટણી આયોગે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવું નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો " સામાન્ય ક્રમાંક " કહેવાશે તેવી જોગવાઈ છે.

૬. નિયમોના નિયમ-૪, ૫, ૬, ૭ અને ૮ માં રાજ્ય ચૂંટણી આયોગે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૭. નિયમ-૪ અને ૫માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠકો ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

૮. ખાસ ક્રમાંક આપવા નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ દરેક મતદાર મંડળની કુલ વસતી અને તે વસતી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારીને ધ્યાનમાં લઈ સૌથી ઊંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંક: ૧, ૨, ૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારિત થયેલ સંખ્યા સુધી જે તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૯. અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે અંગે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારિત થયું હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક-૧ ઉપર પેરા-૭ મુજબ નક્કી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક-૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ-૫ અન્વયે ફાળવવાની રીત વિહિત થયેલ છે.

૧૦. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ-૬માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ-૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ યથાપ્રસંગે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમાં તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું નિહિત થયું છે.

૧૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની મહિલા સિવાયની મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ-૭માં જોગવાઈ છે. તે મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે(તે વર્ગની મહિલાઓ સહિત)ની અનામત બેઠકોની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળોના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધી મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૨. આ રીતે જુદા જુદા વર્ગો માટે આરક્ષિત બેઠકો ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિનઅનામત બેઠકો ફાળવવી તેવું વિહિત થયું છે.

૧૩. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, અધિનિયમની કલમ-૧૬(૨) તથા ગુજરાત તાલુકા તથા જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં "શકય હોય ત્યાં સુધી" તેવો શબ્દ પ્રયોગ થયો છે. તે ઉપરથી ફલિત થાય છે કે એકસરખી જ રાખવાનું શક્ય નથી. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાય તો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યક્તિઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યક્તિ અન્ય મતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે. તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી આયોગે કરવી જોઈએ તેમ આયોગ માને છે. આવી રીતે ચુસ્તપણે એકસરખી વસતી રાખવામાં આવે તો તે અવ્યવહારુ થાય. જેથી તે મતદાર મંડળની વસતી એકસરખી જ નહિ રાખતાં થોડી છૂટછાટ આયોગે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસતી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે અવ્યવહારુ થવા ન પામે તે માટે છૂટછાટ કઈ રીતે, કેટલી મર્યાદા સુધી રાખવી તે હેતુથી આયોગે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની અન્ય સંસ્થાઓના મતદાર મંડળોની રચના કરવા અંગે જે નિયમો / અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો મુનાસિબ માન્યું છે. તે મુજબ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના નિયમો, ૧૯૯૪ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો, ૧૯૯૪ (જેનો હવે પછી ''શહેરી નિયમો'' તરીકે ઉલ્લેખ થયો છે)ને આધાર રાખી આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યત: દરેક વોર્ડની વસતી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસતીને વોર્ડની સંખ્યા વડે ભાગતાં જે સંખ્યા આવે તે સરેરાશ વસતી રહેશે તેમ જોગવાઈ છે અને દરેક વોર્ડમાં તેટલી વસતી રાખવી. પરંતુ આ રીતે આવતી સરેરાશ વસતીના ૧૦ % વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધે પણ ભૌગોલિક એકસૂત્રતા, કુદરતી હદ મર્યાદા, રેલ્વે લાઈન, રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં આયોગને મોકળાશ આપી છે

આયોગ એ બાબતે સભાન છે કે, તાલુકા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દૂર આવેલાં છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી, ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો તે હેતુપુર:સર થશે તેવો અભિગમ આયોગે દાખવ્યો છે. પરંતુ, અપવાદરૂપ અને અનિવાર્ય કિસ્સામાં વાજબી કારણો આપી ઉપરોક્ત મર્યાદા કરતાં પણ વધુ બાંધછોડ રાજ્ય ચૂંટણી આયોગ કરી શકે છે.

જાહેરનામા મુજબ નિર્ધારિત થયેલ બેઠકો તેમજ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ-૧૬ તથા નિયમોના હેતુ સારુ રાજ્ય ચૂંટણી આયોગે કલેક્ટરશ્રી પાસેથી માહિતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા આયોગના અભિગમના સંદર્ભમાં કલેક્ટરશ્રી પાસેથી મળેલી માહિતીનું આયોગે મૂલ્યાંકન કર્યું છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની વસતી ૧,૩૫,૭૯૪ છે. જેથી આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસતી ૬૭૮૯ હોવી જોઈએ. જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ ૭૮૦૭ તથા લઘુત્તમ ૫૭૭૧ હોઈ શકે. તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યાં છે. મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, કોઈ એક જ તાલુકામાં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે, નદી વગેરે પરિબળો પ્રવર્તે છે. જે તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો આયોગે નોંધ્યાં છે.

| અ.નં. | મતદાર મંડળ | | મતદાર મંડળની વસતી | તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ/ ઘટ ની ટકાવારી |
|---|---|---|---|---|
| | સામાન્ય ક્રમાંક | નામ | | |
| ૧ | - | - | - | - |

૧૪. આથી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ડ તેમજ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગ અરવલ્લી જિલ્લાની ભિલોડા તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ-૨માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ-૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે.

| મતદાર મંડળો ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળી અનુસૂચિત જાતિની વસ્તી | | ખાસ ક્રમાંક | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતીની વસતી | | ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્રમ | ગામનું નામ | | વસતી | ટકાવારી | | વસતી | ટકાવારી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ભાણમેર | ૧ | ભાણમેર | ૩૦૩૩ | ૦ | ૦ | - | ૨૯૯૯ | ૯૮.૮૮ | ૩ |
| | | ૨ | જેતપુર | ૧૭૨૯ | ૦ | ૦ | | ૧૬૭૧ | ૯૬.૬૫ | |
| | | ૩ | બાવળીયા (ટો) | ૧૪૬૬ | ૦ | ૦ | | ૧૪૬૦ | ૯૯.૫૯ | |
| | | | કુલ | ૬૨૨૮ | ૦ | ૦ | | ૬૧૩૦ | ૯૮.૪૩ | |
| ૨ | ભિલોડા-૧ | ૧ | ભિલોડા (વોર્ડ નં. ૧ થી ૫) | ૪૪૬૫ | ૩૪૨ | ૭.૨૬ | ૯ | ૧૦૬૮ | ૨૩.૯૨ | ૧૭ |
| | | ૨ | નારસોલી | ૧૪૫૪ | ૦ | ૦ | | ૧૯૬ | ૧૩.૪૮ | |
| | | ૩ | નારણપુર | ૧૦૭૯ | ૦ | ૦ | | ૮૩ | ૭.૬૯ | |
| | | | કુલ | ૬૯૯૮ | ૩૪૨ | ૪.૮૯ | | ૧૩૪૭ | ૧૯.૨૫ | |
| ૩ | ભિલોડા-૨ | ૧ | ભિલોડા વોર્ડ નં. ૬ થી ૧૨,૧૪,૧૫, ૧૬) | ૭૭૩૧ | ૫૦૮ | ૬.૫૭ | ૭ | ૧૮૪૯ | ૨૩.૯૨ | ૧૫ |
| | | | કુલ | ૭૭૩૧ | ૫૦૮ | ૬.૫૭ | | ૧૮૪૯ | ૨૩.૯૨ | |
| ૪ | ભિલોડા-૩ | ૧ | ભિલોડા (વોર્ડ ૧૩, ૧૭ થી ૧૮) | ૩૮૭૮ | ૩૧૧ | ૮.૦૨ | ૪ | ૯૨૮ | ૨૩.૯૩ | ૧૬ |
| | | ૨ | ધોલવાણી | ૧૬૬૮ | ૪૨૬ | ૨૫.૫૪ | | ૩૮૨ | ૨૨.૯૦ | |
| | | ૩ | સીલાસણ | ૪૯૧ | ૪૭ | ૯.૫૭ | | ૬ | ૧.૨૨ | |
| | | | કુલ | ૬૦૩૭ | ૭૮૪ | ૧૨.૯૯ | | ૧૩૧૬ | ૨૧.૮૦ | |
| ૫ | ભુતાવડ | ૧ | ભુતાવડ | ૨૫૫૯ | ૪૧ | ૧.૬૦ | ૧૩ | ૧૮૮૬ | ૭૩.૭૦ | ૧૦ |
| | | ૨ | મહેરૂ | ૨૦૦૩ | ૦ | ૦.૦૦ | | ૧૯૭૯ | ૯૮.૮૦ | |
| | | ૩ | રીંટોડા | ૧૮૫૦ | ૦ | ૦.૦૦ | | ૯૫૩ | ૫૧.૫૧ | |
| | | ૪ | અભાપુર | ૬૫૪ | ૦ | ૦.૦૦ | | ૬૫૨ | ૯૯.૬૯ | |
| | | ૫ | જસવંતપુરા | ૫૦૨ | ૦ | ૦.૦૦ | | ૪૯૯ | ૯૯.૪૦ | |
| | | | કુલ | ૭૫૬૮ | ૪૧ | ૦.૫૪ | | ૫૯૬૯ | ૭૮.૮૭ | |

| મતદાર મંડળો ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળી અનુસૂચિત જાતિની વસ્તી | | ખાસ ક્રમાંક | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતીની વસતી | | ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્રમ | ગામનું નામ | | વસતી | ટકાવારી | | વસતી | ટકાવારી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૬ | જેસીંગપુર | ૧ | જેસીંગપુર | ૨૯૩૫ | ૦ | ૦.૦૦ | - | ૨૭૩૮ | ૯૩.૨૯ | ૪ |
| | | ૨ | હાથીયા | ૧૬૫૯ | ૦ | ૦.૦૦ | | ૧૬૫૯ | ૧૦૦.૦૦ | |
| | | ૩ | ડોડીસરા મોટા | ૧૦૦૯ | ૦ | ૦.૦૦ | | ૧૦૦૪ | ૯૯.૫૦ | |
| | | ૪ | ડોડીસરા નાના | ૭૮૧ | ૦ | ૦.૦૦ | | ૭૮૧ | ૧૦૦.૦૦ | |
| | | ૫ | રાયપુર | ૯૨૫ | ૦ | ૦.૦૦ | | ૯૨૫ | ૧૦૦.૦૦ | |
| | | | કુલ | ૭૩૦૯ | ૦ | ૦.૦૦ | | ૭૧૦૭ | ૯૭.૨૪ | |
| ૭ | કિશનગઢ | ૧ | કિશનગઢ | ૪૫૮૦ | ૯૨ | ૨.૦૧ | ૧૨ | ૩૩૭૫ | ૭૩.૬૯ | ૮ |
| | | ૨ | બેડાસણ | ૬૩૬ | ૦ | ૦.૦૦ | | ૬૦૮ | ૯૫.૬૦ | |
| | | ૩ | વાઘેશ્વરી | ૧૨૭૪ | ૦ | ૦.૦૦ | | ૧૧૧૬ | ૮૭.૬૦ | |
| | | ૪ | ઈન્દ્રપુરા | ૧૦૫૧ | ૦ | ૦.૦૦ | | ૧૦૪૯ | ૯૯.૮૧ | |
| | | | કુલ | ૭૫૪૧ | ૯૨ | ૧.૨૨ | | ૬૧૪૮ | ૮૧.૫૩ | |
| ૮ | કુંડોલપાલ | ૧ | કુંડોલપાલ | ૩૭૮૯ | ૦ | ૦.૦૦ | - | ૩૭૮૫ | ૯૯.૮૯ | ૧ |
| | | ૨ | ધનસોર | ૨૩૫૬ | ૦ | ૦.૦૦ | | ૨૩૪૪ | ૯૯.૪૯ | |
| | | | કુલ | ૬૧૪૫ | ૦ | ૦.૦૦ | | ૬૧૨૯ | ૯૯.૭૪ | |
| ૯ | મઉ | ૧ | મઉ | ૪૨૧૫ | ૪૬૪ | ૧૧.૦૧ | ૩ | ૫૬ | ૧.૩૩ | ૨૦ |
| | | ૨ | લીલછા | ૩૧૨૬ | ૬૨૯ | ૨૦.૧૨ | | ૩૪૧ | ૧૦.૯૧ | |
| | | ૩ | થુરાવાસ | ૧૨૬ | ૦ | ૦ | | ૪ | ૩.૧૭ | |
| | | ૪ | લોખાણ | ૫૧ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | ૫ | દેસાણ | ૩૨ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | ૬ | આકોડીયા | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | ૭ | રામપુર | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | | કુલ | ૭૫૫૦ | ૧૦૯૩ | ૧૪.૪૮ | | ૪૦૧ | ૫.૩૧ | |
| ૧૦ | મુનાઇ | ૧ | મુનાઇ | ૨૯૪૮ | ૬૯૩ | ૨૩.૫૧ | ૨ | ૨૬૭ | ૯.૬ | ૧૩ |
| | | ૨ | મલાસા | ૨૨૬૪ | ૪૪૭ | ૧૯.૭૪ | | ૧૦૨૬ | ૪૫.૩૨ | |
| | | ૩ | સુનસર | ૧૮૪૪ | ૦ | ૦ | | ૧૧૮૫ | ૬૪.૨૬ | |
| | | | કુલ | ૭૦૫૬ | ૧૧૪૦ | ૧૬.૧૬ | | ૨૪૭૮ | ૩૫.૧૨ | |
| ૧૧ | નાંદોજ | ૧ | નાંદોજ | ૨૮૩૧ | ૫૧૩ | ૧૮.૧૨ | ૬ | ૪૧૧ | ૧૪.૫૨ | ૧૯ |
| | | ૨ | જનાલી | ૨૪૬૦ | ૪૫ | ૧.૮૩ | | ૭૯ | ૩.૨૧ | |
| | | ૩ | માંધરી | ૧૧૨૨ | ૩ | ૦.૨૭ | | ૧૪૮ | ૧૩.૧૯ | |
| | | ૪ | ચિભડીયાટા | ૪૦૫ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | ૫ | કલ્લેકા | ૩૯૮ | ૦ | ૦ | | ૩૦ | ૭.૫૪ | |
| | | ૬ | ખેરોજ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | | કુલ | ૭૨૧૬ | ૫૬૧ | ૭.૭૭ | | ૬૬૮ | ૯.૨૬ | |
| ૧૨ | રામપુરી | ૧ | રામપુરી | ૨૦૭૮ | ૦ | ૦ | - | ૨૦૭૨ | ૯૯.૭૧ | ૨ |
| | | ૨ | બુધરાસણ | ૨૦૩૪ | ૦ | ૦ | | ૨૦૨૮ | ૯૯.૭૧ | |
| | | ૩ | આંબાબાર | ૧૯૩૫ | ૦ | ૦ | | ૧૯૧૬ | ૯૯.૦૨ | |
| | | ૪ | પાટીયાકુવા | ૮૧૩ | ૦ | ૦ | | ૮૧૩ | ૧૦૦.૦૦ | |
| | | | કુલ | ૬૮૬૦ | ૦ | ૦ | | ૬૮૨૯ | ૯૯.૫૫ | |

| મતદાર મંડળો ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળી અનુસૂચિત જાતિની વસ્તી | | ખાસ ક્રમાંક | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતીની વસતી | | ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્રમ | ગામનું નામ | | વસતી | ટકાવારી | | વસતી | ટકાવારી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૩ | ટાકાટુકા | ૧ | ટાકાટુકા | ૧૮૧૬ | ૨૮૬ | ૧૫.૭૫ | ૫ | ૬૭ | ૩.૬૯ | ૧૪ |
| | | ૨ | ટોરડા | ૯૮૪ | ૧૭૨ | ૧૭.૪૮ | | ૫૮ | ૫.૮૯ | |
| | | ૩ | બુઢેલી | ૯૮૬ | ૧૫૦ | ૧૫.૨૧ | | ૧૮૫ | ૧૮.૭૬ | |
| | | ૪ | સીલાદ્રી | ૯૧૩ | ૦૦ | ૦૦ | | ૯૧૩ | ૧૦૦.૦૦ | |
| | | ૫ | પહાડા | ૮૪૯ | ૧૮૪ | ૨૧.૬૭ | | ૬૨ | ૭.૩૦ | |
| | | ૬ | અજીતપુરા | ૪૯૮ | ૦ | ૦ | | ૪૯૮ | ૧૦૦.૦૦ | |
| | | ૭ | ધરાસણ | ૪૬૪ | ૦ | ૦ | | ૪૬૨ | ૯૯.૫૭ | |
| | | | કુલ | ૬૫૧૦ | ૭૯૨ | ૧૨.૧૭ | | ૨૨૪૫ | ૩૪.૪૯ | |
| ૧૪ | ઉબસલ | ૧ | ઉબસલ | ૩૨૦૫ | ૦ | ૦ | - | ૨૨૪૬ | ૭૦.૦૮ | ૧૧ |
| | | ૨ | બોલુન્દ્રા | ૧૫૧૮ | ૦ | ૦ | | ૬૩૨ | ૪૧.૬૩ | |
| | | ૩ | વજાપુર (ટાકાટુકા) | ૫૫૨ | ૦ | ૦ | | ૫૫૨ | ૧૦૦.૦૦ | |
| | | ૪ | મઠ બોલુન્દ્રા | ૪૧૮ | ૦ | ૦ | | ૦ | ૦ | |
| | | ૫ | અંધારીયા | ૩૩૭ | ૦ | ૦ | | ૩૩૫ | ૯૯.૪૧ | |
| | | | કુલ | ૬૦૩૦ | ૦ | ૦ | | ૩૭૬૫ | ૬૨.૪૪ | |
| ૧૫ | વણજર | ૧ | વણજર | ૧૮૯૭ | ૬૦૭ | ૩૨.૦૦ | ૧ | ૨૪ | ૧.૨૭ | ૧૮ |
| | | ૨ | ભેટાળી | ૧૪૪૪ | ૫૧૨ | ૩૫.૪૬ | | ૧૧ | ૦.૭૬ | |
| | | ૩ | કરણપુર | ૧૧૪૪ | ૧૭ | ૧.૪૯ | | ૧૬૩ | ૧૪.૨૫ | |
| | | ૪ | મોટીબેબાર | ૮૩૬ | ૪૭૧ | ૫૬.૩૪ | | ૩૨ | ૩.૮૩ | |
| | | ૫ | નવા ભેટાળી | ૬૫૪ | ૦ | ૦ | | ૪૭૬ | ૭૨.૭૮ | |
| | | ૬ | વસાઈ | ૫૧૭ | ૦ | ૦ | | ૨૯૦ | ૫૬.૦૯ | |
| | | | કુલ | ૬૪૯૨ | ૧૬૦૭ | ૨૪.૭૫ | | ૯૯૬ | ૧૫.૩૪ | |
| ૧૬ | વાંકાનેર | ૧ | વાંકાનેર | ૨૯૨૧ | ૨૭૨ | ૯.૩૧ | ૮ | ૧૬૨૪ | ૫૫.૬૦ | ૧૨ |
| | | ૨ | ભટેળા | ૧૯૦૧ | ૦ | ૦ | | ૧૯૦૧ | ૧૦૦.૦૦ | |
| | | ૩ | ચીબોડા | ૭૭૫ | ૭૧ | ૯.૧૬ | | ૪૧ | ૫.૨૯ | |
| | | ૪ | ખુમાપુર | ૭૪૦ | ૬૨ | ૮.૩૮ | | ૦ | ૦ | |
| | | | કુલ | ૬૩૩૭ | ૪૦૫ | ૬.૩૯ | | ૩૫૬૬ | ૫૬.૨૭ | |
| ૧૭ | વાસળી | ૧ | વાંસળી | ૩૪૫૩ | ૦ | ૦ | ૧૪ | ૨૫૯૬ | ૭૫.૧૮ | ૯ |
| | | ૨ | ખલવાડ | ૧૬૩૬ | ૦ | ૦ | | ૧૩૩૨ | ૮૧.૪૨ | |
| | | ૩ | માંકરોડા | ૧૫૭૪ | ૯ | ૦.૫૭ | | ૧૪૭૮ | ૯૩.૯૦ | |
| | | | કુલ | ૬૬૬૩ | ૯ | ૦.૧૪ | | ૫૪૦૬ | ૮૧.૧૩ | |
| ૧૮ | વેજપુર | ૧ | વેજપુર | ૨૮૫૮ | ૦ | ૦ | - | ૨૩૮૯ | ૮૩.૫૯ | ૭ |
| | | ૨ | ઘાંટી | ૨૦૯૪ | ૦ | ૦ | | ૧૭૬૮ | ૮૪.૪૩ | |
| | | ૩ | જુમસર (છા) | ૧૨૨૯ | ૦ | ૦ | | ૧૨૨૮ | ૯૯.૯૨ | |
| | | ૪ | મલેકપુર | ૧૧૦૧ | ૦ | ૦ | | ૧૦૯૯ | ૯૯.૮૨ | |
| | | | કુલ | ૭૨૮૨ | ૦ | ૦ | | ૬૪૮૪ | ૮૯.૦૪ | |

| મતદાર મંડળો ક્રમાંક | મતદાર મંડળનું નામ | મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામના નામ | | ગામની કુલ વસ્તી | મતદાર મંડળી અનુસૂચિત જાતિની વસ્તી | | ખાસ ક્રમાંક | મતદાર મંડળની અનુસૂચિત આદિજાતીની વસતી | | ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ક્રમ | ગામનું નામ | | વસતી | ટકાવારી | | વસતી | ટકાવારી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૯ | વિરપુર | ૧ | વિરપુર | ૨૧૬૪ | ૯૫ | ૪.૩૯ | ૧૦ | ૨૦૬૫ | ૯૫.૪૩ | ૬ |
| | | ૨ | રાયસીંગપુર | ૨૦૬૯ | ૭૭ | ૩.૭૨ | | ૧૯૭૯ | ૯૫.૬૫ | |
| | | ૩ | ચોરીમાલા | ૨૦૨૪ | ૨૨ | ૧.૦૯ | | ૨૦૦૧ | ૯૮.૮૬ | |
| | | | કુલ | ૬૨૫૭ | ૧૯૪ | ૩.૧૦ | | ૬૦૪૫ | ૯૬.૬૧ | |
| ૨૦ | ઝીંઝુડી | ૧ | ઝીંઝુડી | ૧૮૦૦ | ૧૬૦ | ૮.૮૯ | ૧૧ | ૧૬૧૩ | ૮૯.૬૧ | ૫ |
| | | ૨ | બાવળીયા (પા) | ૧૬૨૮ | ૦ | ૦ | | ૧૬૨૭ | ૯૯.૯૪ | |
| | | ૩ | જાયલા | ૧૪૨૫ | ૦ | ૦ | | ૧૪૨૦ | ૯૯.૬૫ | |
| | | ૪ | કલ્યાણપુર | ૧૧૩૧ | ૦ | ૦ | | ૧૧૨૭ | ૯૯.૬૫ | |
| | | | કુલ | ૫૯૮૪ | ૧૬૦ | ૨.૬૭ | | ૫૭૮૭ | ૯૬.૭૧ | |
| કુલ | | | | ૧૩૫૭૯૪ | ૭૭૨૮ | | | ૮૦૬૬૫ | | |

૧૫. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોક્ત પત્રકના કોલમ નં. ૫ (૩) તથા ૬ (૩) માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો નંબર | મતદાર મંડળનું નામ | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૧૫ | વણજર | ૧ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| ૮ | કુંડોલપાલ | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૨ | રામપુરી | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧ | ભાણમેલ | ૩ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૬ | જેસીંગપુર | ૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨૦ | ઝીઝુંડી | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૯ | વિરપુર | ૬ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૮ | વેજપુર | ૭ | અનુસૂચિત આદિજાતિ |
| ૭ | કીસનગઢ | ૮ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૭ | વાસળી | ૯ | અનુસૂચિત આદિજાતિ |
| ૫ | ભુતાવાડ | ૧૦ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૪ | ઉબસલ | ૧૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૬ | વાંકાનેર | ૧૨ | અનુસૂચિત આદિજાતિ |

૧૬. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા ૯માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૨ | ભિલોડા-૧ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ભિલોડા-૨ | સા.શૈ. પછાતવર્ગ |

૧૭. નિયમોના નિયમ-૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર પેરા ૧૦ તથા ૧૧માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવાની થાય.

| મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|
| ૪ | ભિલોડા-૩ | સામાન્ય સ્ત્રી |
| ૯ | મંઉ | સામાન્ય સ્ત્રી |
| ૧૦ | મુનાઇ | સામાન્ય સ્ત્રી |
| ૧૧ | નાંદોજ | બિન અનામત સામાન્ય |
| ૧૩ | ટાકાટુકા | બિન અનામત સામાન્ય |

૧૮. અનામત બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે રાજ્ય સરકારે નિયમો ઘડ્યા છે. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા નં. કેપી-૧૯૯૪-૨૧૧-ઈએલસી-૧૦૯૪-૪૮-જી,તા.૦૮-૦૯-૧૯૯૪ થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ બહાર પાડવામાં આવ્યા છે. ત્યારબાદ જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦- ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી. તા.૧૦-૦૫-૨૦૧૦થી ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર મંડળોનું સીમાકન) નિયમો, ૨૦૧૦ બનાવવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૪ની જોગવાઈ મુજબ તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગ શકય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરશે.

પંચાયત વિભાગના જાહેરનામા નં. કેપી-૭-ઓફ-૨૦૧૦-ઈએલસી-૧૦૨૦૧૦-૮૦૪-જી, તા.૧૦-૦૫-૨૦૧૦થી નિયમ-૪માં થયેલ જોગવાઈઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૪૧(૨)-૦૯૨૦૨૫-ક, તા.૨૦-૦૯-૨૦૨૫ થી માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરેલ છે. જેની ટૂંકમાં જોગવાઈ નીચે મુજબ છે:

(ક) જે જિલ્લા / તાલુકા પંચાયતોનું રોટેશન કરવાનું છે તે પંચાયતો તથા હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા / તાલુકા પંચાયતોમાં સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે મતદાર મંડળોની રચના (સીમાંકન) થતાં આવી જિલ્લા / તાલુકા પંચાયતો માટે વર્ષ ૨૦૧૫, ૨૦૧૮ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાની રહેશે.

(ખ) હદમાં ફેરફાર થયેલ હોય તેવી જિલ્લા/તાલુકા પંચાયતોમાં નવા સીમાંકન વખતે બેઠકોની વારાફરતી ફાળવણીમાં મતદાર મંડળનું નામ ધ્યાને લેવામાં આવશે. (ગામના આંતરિક ફેરફારોને ધ્યાને લેવાના થશે નહીં)

(ગ) છેલ્લા સીમાંકનમાં તથા છેલ્લી બેઠક ફાળવણીમાં જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવાયેલ હોય તો તે મતદાર મંડળ પછીના બીજા ઉતરતા ખાસ ક્રમાંકમાં આવતા મતદાર મંડળમાં નિયમાનુસાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના મતદાર મંડળમાં (સ્ત્રીને પ્રથમ પસંદગી આપી) નિયમાનુસાર બેઠક ફાળવવાની રહેશે.

(ઘ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠકની ફાળવણી કરવાની રહેશે. છેલ્લા સીમાંકન તથા છેલ્લી બેઠક ફાળવણી વખતે જો કોઈ મતદાર મંડળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠક ફાળવવામાં આવી હોય તો ત્યાર પછીના ક્રમમાં આવતા સામાન્ય ક્રમાંકમાં જે મતદાર મંડળ આવતું હોય તે મતદાર મંડળમાં નિયમાનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (સ્ત્રી બેઠકને પ્રથમ પસંદગી આપી) ફાળવવાની રહેશે. સ્ત્રી અનામત બેઠકોની ફાળવણી વખતે એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણી વખતે એટલે કે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં ફાળવણી કરેલ બેઠકમાં શક્ય હોય તો ફરી વખત સ્ત્રી અનામત ન આવે તે રીતે બેઠક ફાળવણી કરવાની રહેશે.

સને-૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે આગામી સામાન્ય ચૂંટણી માટે નવું સીમાંકન સાથે રોટેશન કરવાનું થતાં વર્ષ ૨૦૧૫ તથા ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીમાં ફાળવેલ બેઠકોનું પુનરાવર્તન ન થાય તે માટે શકય હોય ત્યાં સુધી ફેરફાર કરી કાયદા તેમજ નિયમોની જોગવાઈઓની મર્યાદામાં અનામત બેઠકોની વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

૧૯. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) નિયમો અન્વયે નિહિત થયા મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો નંબર** | **મતદાર મંડળનું નામ** | **મતદાર મંડળનો ખાસ ક્રમાંક** | **ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર(સ્ત્રી બેઠક સહિત)** |
|---|---|---|---|
| **૧** | ૨ | ૩ | ૪ |
| અનુસૂચિત જાતિ | | | |
| ૧૫ | વણજર | ૧ | અનુસૂચિત જાતિ |
| અનુસૂચિત આદિજાતિ | | | |
| ૫ | ભુતાવાડ | ૧૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૯ | મંઉ | ૨૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૨ | રામપુરી | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૩ | ટાકાટુકા | ૧૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧૯ | વિરપુર | ૬ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨૦ | ઝીંઝુડી | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૧ | ભાણમેર | ૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૭ | કિશનગઢ | ૮ | અનુસૂચિત આદિજાતિ |
| ૮ | કુંડોલપાલ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૪ | ઉબસલ | ૧૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૬ | વાંકાનેર | ૧૨ | અનુસૂચિત આદિજાતિ |
| ૧૭ | વાંસળી | ૯ | અનુસૂચિત આદિજાતિ |

૨૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૬ | જેસીંગપુર | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| ૧૦ | મુનાઇ | સા.શૈ. પછાતવર્ગ |

૨૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બિન અનામત સામાન્ય બેઠકો વારાફરતી (રોટેશનથી) ફાળવવામાં આવે છે.

| **મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક** | **મતદાર મંડળનું નામ** | **ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર** |
|---|---|---|
| ૨ | ભિલોડા-૧ | સામાન્ય સ્ત્રી |
| ૩ | ભિલોડા-૨ | સામાન્ય સ્ત્રી |
| ૪ | ભિલોડા-૩ | સામાન્ય સ્ત્રી |
| ૧૧ | નાંદોજ | બિન અનામત સામાન્ય |
| ૧૮ | વેજપુર | બિન અનામત સામાન્ય |

૨૨. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ તથા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ અને તે હેઠળના પ્રવર્તમાન નિયમોથી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાની ભિલોડા તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના કરવાનો અને મતદાર મંડળોમાં બેઠકો વારાફરતી ફાળવવાનો પ્રાથમિક આદેશ જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ રાજ્ય ચૂંટણી આયોગે મતદાર મંડળોના સૂચિત સીમાંકન અને તે મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીને આખરી સ્વરૂપ

આપતાં પહેલાં જાહેર જનતા પાસેથી તે અંગેના સૂચનો મંગાવવાનાં થાય છે. આથી, આ મતદાર મંડળોની રચના અને બેઠકોની વારાફરતી ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે સામે જાહેર જનતાને કોઈપણ સૂચનો કરવાનાં હોય તો તે આદેશની તારીખથી ૭ (સાત) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સૂચનોની એક નકલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, અરવલ્લીને પણ આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ મળેલ સૂચનો ધ્યાને લેવામાં આવશે નહિ.

૨૪. નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, રાજ્ય ચૂંટણી આયોગ મતદાર મંડળોના સીમાંકન અને બેઠક ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે વિચાર-વિનિમય (Consult) કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુનિટ-૧૦-ભિલોડા-તા.પં.- ૨૦૨૬, તા. ૦૩-૦૩-૨૦૨૬નું સંધાણ**

**અનુસૂચિ**

**જિલ્લાનું નામ : અરવલ્લી** **તાલુકા પંચાયતનું નામ : ભિલોડા**

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| ૧ | ભિલોડા | ૧ | ભાણમેર | - | ૩ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૨ | ભિલોડા-૧ | ૯ | ૧૭ | સામાન્ય સ્ત્રી |
| | | ૩ | ભિલોડા-૨ | ૭ | ૧૫ | સામાન્ય સ્ત્રી |
| | | ૪ | ભિલોડા-૩ | ૪ | ૧૬ | સામાન્ય સ્ત્રી |
| | | ૫ | ભુતાવાડ | ૧૩ | ૧૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૬ | જેસીંગપુર | - | ૪ | સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી |
| | | ૭ | કિશનગઢ | ૧૨ | ૮ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૮ | કુંડોલપાલ | - | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૯ | મંઉ | ૩ | ૨૦ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૧૦ | મુનાઇ | ૨ | ૧૩ | સા.શૈ. પછાતવર્ગ |
| | | ૧૧ | નાંદોજ | ૬ | ૧૯ | બિન અનામત સામાન્ય |
| | | ૧૨ | રામપુરી | - | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૧૩ | ટાકાટુકા | ૫ | ૧૪ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૧૪ | ઉબસલ | - | ૧૧ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૫ | વણજર | ૧ | ૧૮ | અનુસૂચિત જાતિ |
| | | ૧૬ | વાંકાનેર | ૮ | ૧૨ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૭ | વાંસળી | ૧૪ | ૯ | અનુસૂચિત આદિજાતિ |
| | | ૧૮ | વેજપુર | - | ૭ | બિન અનામત સામાન્ય |

| અ.નં. | તાલુકા પંચાયતનું નામ | મતદાર મંડળની વિગત | | મતદાર મંડળનો ખાસ ક્રમાંક | | ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય ક્રમાંક | મતદાર મંડળનું નામ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત આદિજાતિ | |
| ૧ | ૨ | ૩(૧) | ૩(૨) | ૪(૧) | ૪(૨) | ૫ |
| | | ૧૯ | વિરપુર | ૧૦ | ૬ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| | | ૨૦ | ઝીંઝુડી | ૧૧ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

---



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.03.16 15:30:14 IST